સ્વર્ણિમ ગુજરાત
1960-2010

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૧ અંક : ૧ જુલાઈ ૨૦૧૦ - આષાઢ ૨૦૬૬ સળંગ અંક : ૨૨૨

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી

## નવનિયુક્ત કુલપતિ : પ્રો. હરીશ પાઢ



સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ તરીકે ગુજરાત સરકારના ફાર્માસ્યુટીકલ્સ અને બાયો ટેકનોલોજીના સલાહકાર પ્રો. હરીશ પાઢની નિમણૂંક થઈ છે. ભારત માતાના પનોતા પુત્ર સરદાર પટેલના નામ સાથે સંકળાયેલી અને એમની જ ભૂમિમાં છેલ્લા સાડા પાંચ દાયકાથી કાર્યરત આ યુનિવર્સિટીના ચૌદમા કુલપતિ તરીકેનો કાર્યભાર એમણે પહેલી જુલાઈથી સંભાળી લીધો છે. આ સાથે યુનિવર્સિટીનું સુકાન કોણ સંભાળશે ? એવી આતુરતાનો અંત આવ્યો છે ને નવલી આશાઓનો, શક્યતાઓનો સંચાર થયો છે.

પ્રો. પાઢ દેશ અને દુનિયાની મહાન વિદ્યાસંસ્થાઓ અને સંશોધન કેન્દ્રોનો બહોળો અનુભવ ધરાવે છે. અમદાવાદની બી.વી. પટેલ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ડેવલપમેન્ટ સેન્ટર તેમજ એન.આઈ.પી.ઈ.આર. (અમદાવાદ) જેવી સંસ્થાઓના તેઓ ડાયરેક્ટર છે. વીસમી સદીના છેલ્લા બે દાયકાઓ દરમિયાન એમણે અમેરિકાની ટેમ્પલ યુનિવર્સિટી (ફિલાલ્ડેલ્ફિયા), યુનિવર્સિટી ઓફ શિકાગો તેમજ નોર્થ વેસ્ટ યુનિવર્સિટી ખાતે સંશોધક અને નિર્દેશક તરીકે કામગીરી બજાવી છે. વળી, ૧૯૯૬ થી ૨૦૦૧ દરમિયાન એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા ખાતે પ્રોફેસર તરીકે સેવાઓ આપી છે. પોતાની કારકિર્દીના ઉષઃકાળ - ૧૯૭૭-૭૮માં પ્રો. હરીશ પાઢ આપણી સરદાર પટેલ યુનિવર્સિટીના બાયો સાયન્સિસ વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા, ને હવે આ જ યુનિવર્સિટીને કુલપતિ તરીકેનું નેતૃત્વ પુરું પાડવા પુનઃ તેઓ આ વિદ્યાક્ષેત્રમાં પધાર્યા છે.

કોષ વિજ્ઞાન, બાયો ટેક્નોલોજી અને ફાર્માકોજીનેટીક્સ ક્ષેત્રના વૈજ્ઞાનિક, સંશોધન અને વિદ્યા જગતના વૈશ્વિક અને સ્થાનિક પ્રવોહોના પંડિત એવા પ્રો. પાઢે આ ભૂમિની નાડ પારખીને, સૌને સાથે રાખીને ઉત્કૃષ્ટ વિદ્યાકીય વાતાવરણ સર્જવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. આજે વિદ્યાક્ષેત્રે આપણે ત્યાં વિદેશી યુનિવર્સિટીઓના પ્રવેશના પડઘમ વાગી રહ્યા છે ત્યારે કુલપતિની આ દૃષ્ટિ અને નિસ્બત અત્યંત પ્રસ્તુત છે. આજે દેશ અને દુનિયામાં આપણી યુનિવર્સિટીની આગવી ઓળખ છે. અધ્યાપન-અધ્યયન, સંશોધન તેમજ સમાજોપયોગી વિસ્તરણકાર્યના ક્ષેત્રે આપણી યુનિવર્સિટીની કેટલીક ઉજ્જવળ પરંપરાઓ છે. આ પરંપરાઓનો વિસ્તાર થાયને સાથે સાથે

## વિદાયલેતા કુલપતિ : ડૉ. બી. જી. પટેલ



સરદાર પટેલ યુનિવર્સિટીનું સુકાન સંભાળવું એ રથયાત્રાના ઉત્સવમાં ભગવાન જગન્નાથનો રથ ખેંચવા જેવું કાર્ય છે. આ રથ ખેંચવો એ જીવનની સાર્થકતા છે. વળી, આ રથ ક્યારેયઅટકતો નથી. હા, એ ખેંચનારા સદ્ભાગી દૃષ્ટિવંત જનો બદલાતા રહે છે.

આપણી આ આગવી, અનોખી સરદાર પટેલ યુનિવર્સિટીરૂપી જગન્નાથના રથને ૧૭ મે ૨૦૦૭ થી ૧૬ મે ૨૦૧૦ સુધી ત્રણ વર્ષ માટે પ્રો. ભરતભાઈ જી. પટલે ખેંચ્યો. તેઓ આપણી સરદાર પટેલ યુનિવર્સિટીના તેરમા કુલપતિ હતા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૫ થી જ એમણે તત્કાલીન કુલપતિ ડૉ. પી. જે. પટેલના અનુગામી તરીકે કાર્યકારી કુલપતિ તરીકે યુનિવર્સિટીને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

દરેક યુનિવર્સિટીનો એક આત્મા હોયછે. યુનિવર્સિટીના કુલપતિને તેમજ આંતરયાત્રા કરી રહેલા સૌ કોઈને યુનિવર્સિટીના આ આત્માની ઝાંખી કે પ્રતીતિ થતી હોયછે. કુલપતિશ્રી આ આત્મા સાથે અનુસંધાન સાધે છે. ને સ્થળ, કાળની આવશ્યકતા અનુસાર સન્નિષ્ઠ રીતે યુનિવર્સિટીના અને વ્યાપક જન હિતમાં પોતે ચોક્કસ ભૂમિકા ભજવે છે.

વિદ્યાજગતના સંક્રાન્ત સમયમાં પ્રો. બી. જી.પટેલ આ યુનિવર્સિટીના કુલપતિ નિયુક્ત થયા. આપણી યુનિવર્સિટીમાં આમૂલ પરિવર્તનો - યુ.જી., પી.જી. તમામ ક્ષેત્રે સેમેસ્ટર સીસ્ટીમ, ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સીસ્ટીમ - ને અમલી બનાવવામાં એમણે ગુજરાતભરમાં પહેલ કરી. વળી, એમનુ સ્વપ્ન હતું અદ્યતન પરીક્ષા ભવન. યુનિવર્સિટીની પરીક્ષાઓ એક જ ભવનમાં ઉત્તમ રીતે લેવાય એ માટે અદ્યતન સુવિધા યુક્ત ભવન નિર્માણ કરવાનું સ્વપ્ન આજે પૂર્ણ થવાના આરે છે.

પ્રો. બી. જી. પટેલના કાર્યકાળ દરમિયાન અનુસ્નાતક કોમ્પ્યુટર વિભાગનું ૨૦૦૯થી અમેરિકાની પેન્સિલ્વેનિયા સ્ટેટ યુનિવર્સિટી સાથે એક એમ.ઓ.યુ. થયું. એ અનુસાર વિદ્યાર્થી બે વર્ષ આપણે ત્યાં અને બીજા બે વર્ષ અમેરિકા ખાતે અભ્યાસ કરે. તેને ત્યાંની બી.એસ.સી. ઈન આઈટીની પદવી મળે. વિદેશની યુનિવર્સિટી સાથેનો આ સહયોગ એક સીમાચિહ્ન રૂપ ગણાય. ડૉ. બી.જી. પટેલના કાર્યકાળ દરમિયાન આપણી યુનિવર્સિટીને યુજીસી એકેડેમિક સ્ટાફ કોલેજ પ્રાપ્ત થઈ.

હવે ડૉ. બી. જી. પટેલનો આપણી યુનિવર્સિટીના તેરમા કુલપતિ તરીકેનો

# सम्पादकीय

## शिक्षा : बुनियादी मूल्यों के जतन की चुनौती...

भारतीय शिक्षा-पद्धति और शिक्षा-दीक्षा-व्यवस्था के बुनियादी ढांचे का स्वरूप युगों से गौरवप्रद और गरिमामय समझा जाता रहा है । दरअसल, पुरातनकाल से ही शिक्षा-दीक्षा की गरिमा को कुछ बुनियादी मूल्यों के साथ जोड़ा गया है। शिक्षार्थी-विद्यार्थी को बचपन से ही एक सबक यह दिया जाता है कि शिक्षा वही है जो कि विद्या पाने वाले में विनय का संचार करे । 'विद्या ददाति विनयं...' का मूलभूत सिद्धान्त भले ही किसी को कुछ मायनों में रास न आए पर यह वही बुनियादी मूल्य है जिसके बलबूते पर बापू 'महात्मा' की गरिमा हासिल करते हैं और अहिंसात्मकता का रास्ता अपनाकर दुनिया का मुश्किल से मुश्किल लक्ष्य पा लेने में सफल हो जाते हैं। विनयशीलता की ताकत का इससे अच्छा प्रमाण शायद और कोई नहीं हो सकता । शिक्षा-दीक्षा के इसी बुनियादी मूल्य के सिक्के का दूसरा पहलू है- अहं का त्याग। कारण कि विनय और अहं एक-दूसरे के बिल्कुल विपरीत हैं और इसी के साथ एक तीसरा महत्वपूर्ण मूल्य है-सहिष्णुता । सहनशीलता और धैर्य के अभाव में अहं के त्याग की कल्पना करना भी संभवतः बेकार है ।

आज के दौर में, पीढ़ियों के बीच के अन्तराल यानी कि 'जनरेशन गेप' के कारणों की तह में जाएं तो शिक्षा-दीक्षा के इन बुनियादी मूल्यों के जतन पर भी विचार करना जरूरी जान पड़ता है । नई पीढ़ी और पिछली पीढ़ियों के बीच का अन्तर बढ़ने की बजाय निरन्तर कम हो, इसके लिए शिक्षा के बुनियादी मूल्यों का जतन करने की चुनौती शिक्षाजगत के सामने है । यह देखा जा सकता है कि साक्षरता की दर के लगातार बढ़ने के बावजूद इन मूल्यों के रक्षण का संकट भी पैदा हो रहा है जो आने वाले समय में शिक्षा-दीक्षा के उदात्त सिद्धान्तों को गहराई तक प्रभावित कर सकता है । यदि आने वाली साक्षर पीढ़ियाँ इन मूल्यों से वंचित रहती हैं तो शिक्षण-प्रशिक्षण केवल एक तकनीकी पहचान बनकर रह जाएगा और मानवीय सम्बन्धों तथा मूल्यों का स्वरूप कुछ और ही होगा। लगता है कि विद्यार्थी को नियत किताबी शिक्षण-प्रशिक्षण के साथ-साथ आत्मिक स्तर पर भी गढ़ने की ज्यादा आवश्यकता होगी। यह चिन्ता इसलिए है कि कहीं न कहीं, किन्हीं कारणों के चलते शिक्षा के बुनियादी मूल्यों की रक्षा करने में हम कुछ पिछड़ते-से चले जा रहे हैं और शिक्षार्थी को व्यावहारिक स्तर पर गढ़ने में अपेक्षाओं के अनुरूप परिणाम से कुछ दूर भी होते जा रहे हैं। नतीजा हमारे सामने है। बात-बात पर झलकने वाला अहं, विनयशीलता का अभाव, राह चलते या ट्रैफिक के दौरान धीरज का अभाव, बार-बार अनुशासन और नियमों का भंग यहाँ तक कि सामान्य मसले पर हाथापाई, वाद-विवाद, कुतर्क आदि-आदि से क्या संकेत मिलता है ? सवाल के साथ जुड़ी हुई चिन्ता बस यही है कि शिक्षा के क्षितिजों के विश्वव्यापी विकास के समानान्तर तथा उच्च साक्षरता-दर हासिल करने के बाद भी यदि इन सब चीजों में इजाफा होता है तो अन्य कारणों के साथ-साथ शिक्षा-दीक्षा के बुनियादी मूल्यों के जतन की भी जरूरत बरकरार रहेगी । इसके लिए समूचे शिक्षाजगत को वैश्विक स्तर पर कमर कसने की आवश्यकता से इनकार नहीं किया जा सकता। इससे जनरेशन गेप को भी कम करने में सहायता मिलेगी। यही शायद समूची मानवता के हित में भी होगा। क्योंकि, आदम जात को गढ़ने के लिए शिक्षा से बढ़िया कारगर उपाय और कोई नहीं, यह जगजाहिर है ।

॥ अस्तु ॥

**- मदनमोहन शर्मा**

## Teaching - Learning

**P.G. Department of Business Studies** organised a **One Day Workshop on UGC-NET in Commerce** on 8th May 2010. There were 22 participants in this workshop. Dr. P. K. Rathod, Professor and Head of the Business Studies Department gave a brief overview of NET and its necessity. Dr. Raju M. Rathod took two sessions on understanding basic structure of UGC-NET and Winning Strategy to crack NET. Dr. D. J. Karia from Mathematics Department provided basic overview of Mathematics portion. The Alumni Student of Department - Neha Acharya who cleared UGC SLET shared her experience.

ઈન્ફલિબનેટ રિજીઓનલ ટ્રેનિંગ પ્રોગ્રામ ઓન લાયબ્રેરી ઓટોમેશન ઈન્ફલિબનેટ, અમદાવાદના સહયોગથી **ભાઈકાકા લાયબ્રેરીમાં** તા. ૧૭-૫-૨૦૧૦ થી તા. ૨૧-૫-૨૦૧૦ સુધીનો **તાલીમ કાર્યક્રમ** સંપન્ન થયો. આ કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીના સંલગ્ન કોલેજોના ગ્રંથપાલશ્રીઓને તથા ભાઈકાકા ગ્રંથાલયના કર્મચારીગણને ઈન્ફલિબનેટ ટ્રેનિંગ પ્રોગ્રામ અન્વયે 'સોલ' સોફ્ટવેર - ૨.૦ના નવા વર્જનની તાલીમ ઈન્ફલિબનેટ, અમદાવાદના તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી. આ પાંચ દિવસના તાલીમ કાર્યકમનું ઉદ્ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. બી. જી. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં ઈન્ફલિબનેટ, અમદાવાદના નિયામકશ્રી, ડૉ. જગદીશ અરોરા પધાર્યા હતા તેમજ હોસામાની ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અરોરાએ 'સોલ' સોફ્ટવેરની ઉપયોગીતા વિશે માહિતી આપી હતી. તા. ૧૮-૫-૨૦૧૦ના રોજ ડૉ. અનિલકુમારે પ્રવચન આપ્યું હતું. તથા બીજા દિવસે ડૉ. મનોજકુમારે ઈન્ફલિબનેટ વિશે અને છેલ્લે દિવસે શ્રી યાત્રિક પટેલ દ્વારા પ્રવચન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડૉ. ડી. બી. ચોકસી તથા ડૉ. આર. એમ. રાઠોડે વ્યાખ્યાન આપ્યા હતા.

કાર્યક્રમની પૂર્ણાહૂતી તા. ૨૧-૫-૨૦૧૦ના રોજ કરવામાં આવી હતી. તાલીમાથીઓએ પાંચ દિવસની તાલીમનો પ્રતિભાવ આપ્યો હતો. ભાઈકાકા લાયબ્રેરીમાં સૌ પ્રથમવાર આવો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## Research

Research Papers in the subject of '**Electronics**' published during the year 2004-2008 by **Dr. Gangadhar S. Biradar and his team** and submitted by Dr. Gangadhar S. Biradar, have been adjudged best for the award of "**Hari Ohm Ashram Prerit Harivallabhdas Chunilal Shah Research Endowment Prize**" for the Year 2008-2009. Accordingly a Cash Prize and Gold Medal both amounting to Rs. 10,000/- will be awarded to Dr. Gangadhar S. Biradar at the next Annual Convocation.

## Library in News

**યુજીસી ઈન્ફોનેટ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીને ૫૦૦૦થી વધુ ઈ-જર્નલનો એક્સેસ** આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી **ભાઈકાકા ગ્રંથાલયમાં** લાયબ્રેરી ઓરિએન્ટેશન, વેબપોર્ટલ, યુઝર અવેરનેસ કાર્યક્રમ,જેવા કાર્યક્રમ યોજાતા રહે છે પરિણામે વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી અને સંશોધનકર્તાઓમાં તેના ઉપયોગ અંગેની જાણકારી તેમજ જિજ્ઞાસામાં ખૂબ જ વધારો જોવા મળ્યો છે.

૨૦૦૭માં ૧૭૬૮થી ૨૦૦૮માં વધીને ૩૧૩૭૭ તેમજ ૨૦૦૯માં તો ૬૫૯૧૫ સુધીનો આવા ઉપયોગનો વ્યાપ વધવા પામ્યો છે. જેનો સીધો ફાયદો સરદાર પટેલ યુનિવર્સિટીને યુજીસી તેમજ બીજી એજન્સી પાસેથી વધુ ફંડ મેળવવા તેમજ એક્રીડીટેશનમાં અવશ્ય જોવા મળશે અને યુનિવર્સિટીનું રેન્કિક સુધારવામાં પણ તેની મહત્વની ભૂમિકા હશે.

ભાઈકાકા ગ્રંથાલય-નોલેજ રિસોર્સ સેન્ટરના ગ્રંથપાલ ડૉ. મયંક જે. ત્રિવેદીના જણાવ્યા પ્રમાણે, કુલપતિશ્રી તેમજ યુનિવર્સિટી સત્તા મંડળ અને ભાઈકાકા લાયબ્રેરીના સર્વ સ્ટાફના સહકાર સાથે આ સિદ્ધિ મેળવી શકાઈ છે.

જે ડેટા બેઝનો ઉપયોગ થયો છે, તેમાં અમેરિકન કેમીકલ સોસાયટી, અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફીઝીક્સ, એન્યુઅલ રીવ્યુઝ, બ્લેકવેલ પબ્લિશીંગ, કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, એલ્સવીયર સાયન્સ, ઈમેર્લ્ડ, આઈ.એસ.એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝીક્સ, જેસીસીસી જેસ્ટોર, મેથ સાયન્સનેટ, નેચર ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, પોર્ટલેન્ડ પ્રેસ, પ્રોજેક્ટ ઈક્વલીડ, પ્રોજેક્ટ મ્યુસ, રોયલ સોસાયટી ઓફ કેમિસ્ટ્રી, એસ.આઈ.એ.એન. સ્પ્રીંગરલીંક અને ટેઈલર એન્ડ ટ્રાન્ઝીસનો સમાવેશ થાય છે. ભારતભરની તમામ યુનિવર્સિટીઓમાં ઈ-રિસોર્સના ઉપયોગની દષ્ટિએ સરદાર પટેલ યુનિવર્સિટી ૩૩મા સ્થાને રહેલ છે. અને સમગ્ર ગુજરાત રાજ્યમાં બીજુ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આમ ભાઈકાકા લાયબ્રેરી સંશોધનનું મોટું સ્રોત બની રહી છે.

### એક અપીલ...

***શીલ શ્રુતમ્*** આપણા સૌનું છે. એમાં આપણે સૌ જરૂર સહયોગ કરીએ. પોતાની કોલેજ, અનુસ્નાતક વિભાગ, કેમ્પસમાં યોજાતા વ્યાખ્યાનો, પરિસંવાદ ઇત્યાદિ જેવી નોંધપાત્ર ઘટનાઓ, કેમ્પસ પરિવારમાં જોડાતા નવા સભ્યો, વિદાય લેતા પરિવારજનો અંગેની જાણકારી જરૂર મોકલો...

**સંપર્ક સૂત્ર : પરમ પાઠક**, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, માનવવિદ્યા ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

## Extension

માધવ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત **એઈમ્સ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી** ખાતે ૨૮ જૂન ૨૦૧૦ના રોજ **ઓરિએન્ટેશન (અભિમુખતા) કાર્યક્રમ** યોજાયો હતો. એમા મુખ્ય મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીના ડીન અને બિઝનેસ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. પી. કે. રાઠોડ અને આજ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર ડૉ. સંદીપ કે. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. રાઠોડે વિદ્યાર્થીઓને ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સીસ્ટમ અંગે અને પ્રો. ભટ્ટે ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા માપદંડ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે એઈમ્સ એજ્યુકેશન કેમ્પસના ડાયરેક્ટર શ્રી પુલક મુકર્જી ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ચિરાગ સી. રાવલે કર્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજમાં તાજેતરમાં સ્વર્ણીમ ગુજરાત અંતર્ગત** સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના વડા અને જાણીતા સાહિત્યકાર પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટનું **'ગુજરાતની સંસ્કૃતિ અને સાહિત્ય'** અંગે પ્રવચન યોજાયું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ટી. એન. ચૌધરીએ કર્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં ૨૬ જૂન ૨૦૧૦ના રોજ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના આણંદ કેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી ગીતાબહેનનું **'સો કરોડ મિનિટ શુભભાવના બેંક પ્રોજેક્ટ'** અંગે પ્રવચન યોજાયું હતું.

**સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝીયમ** ખાતે ૭ જૂન ૨૦૧૦ના રોજ **'અભ્યાસ વર્તુળ'ની સભા** યોજાઈ હતી. એમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર એમ.એચ. વસાવડાએ **'માધ્યમની ભાષા અને ભાષાનું માધ્યમ'** વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ સભામાં વલ્લભવિદ્યાનગરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં ૧૮ જૂન ૨૦૧૦ના રોજ **પ્રવેશોત્સવ** યોજાયો હતો. આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણ વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિકે વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધીરજ પરમારે કર્યું હતું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** ખાતે તાજેતરમાં **પ્રવેશોત્સવ** યોજાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને માનદમંત્રી શ્રી ભીખુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ** ખાતે **શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ માટે વિદ્યાર્થી મંડળની રચના** કરવામાં આવી છે.

**ભાઈકાકા ગ્રંથાલયમાં સ્વીપર તરીકે ફરજ બજાવતા શ્રી કેશુભાઈ હરિજન તાજેતરમાં વયોચિત નિવૃત્ત થયા છે.** ગ્રંથાલય પરિવારે શ્રી કેશુભાઈને પ્રેમભરી વિદાય આપી હતી. ગ્રંથાલય પરિવાર તરફથી સ્મૃતિચિહ્ન રૂપે એમને પેડેસ્ટલ પંખો આપવામાં આવ્યો હતો. ગ્રંથાલય પરિવાર વતી ગ્રંથપાલ શ્રી મયંક ત્રિવેદીએ શ્રી કેશુભાઈનું શેષ જીવન નિરામય બની રહે એવી શુભેચ્છા પાઠવી. આ પ્રસંગે સરદાર પટેલ યુનિર્સિટી વહીવટી કર્મચારી મંડળના પ્રમુખ પ્રકાશભાઈ ઈનામદાર અને મંત્રી ભરત ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી અરવિંદ દર્શન અધ્યયન શિબિર

સરદાર પટેલ યુનિવર્સિટીની કેટલીક તેજસ્વી પરંપરાઓ છે. આ પરંપરાઓનું સતત જતન થયું છે. એટલું જ નહીં સમય જતાં એમાં નવાં નવાં આયામો ઉમેરાતાં એ ઉત્તરોત્તર ઉત્તમ બની રહી છે. આવી પરંપરાઓમાં છેલ્લા અઢી દાયકાથી પ્રતિવર્ષ યોજાતી શ્રી અરવિન્દ દર્શન અધ્યયન શિબિર મુખ્ય છે. પૉંડિચેરી ખાતે આવેલા શ્રી અરવિન્દ આશ્રમ ખાતે યોજાતી ખાતે યોજાતી આ શિબિરનો હેતુ છે શિબિરાર્થીઓને દિવ્ય જીવન પ્રત્યે અભિમુખ કરી એમના ચારિત્ર્યનું ઘડતર કરવું.

આ શિબિર હાલ શ્રી અરવિન્દ ચેર ઓફ ઈન્ટીગ્રલ સ્ટડીઝના ઉપક્રમે યોજાય છે. એમાં વલ્લભ વિદ્યાનગરના શ્રી અરવિન્દ સાધના કેન્દ્રનો સહયોગ પ્રાપ્ત થાય છે. શિબિર માટે વિદ્યાર્થીઓની પસંદગીની પ્રક્રિયા ડિસેમ્બર-૨૦૦૯થી આરંભાઈ હતી. રૂબરૂ મુલાકાત, એકાધિક અભિમુખતા શિબિર ઈત્યાદિ દ્વારા શિબિરાર્થીઓની પસંદગી આવી હતી.

તાજેતરમાં ૨૬ મે ૨૦૧૦ થી ૪ જૂન ૨૦૧૦ દરમિયાન દશ દિવસ માટે શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી ખાતે આ શિબિર યોજાઈ ગઈ. એમાં વિનયન, શિક્ષણ, વાણિજ્ય, વિજ્ઞાન અને હોમિયોપેથી વિદ્યાશાખાના સ્નાતક કક્ષાના ૧૨ અને અનુસ્નાતક કક્ષાના ૧૨ એમ કુલ ૨૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા. એમાં ૯ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થયો હતો.

શિબિરમાં શરીર, પ્રાણ, મન અને અંતરાત્માની કેળવણી બાબતે સહચિંતન થયું હતું. આ માટે શ્રીમાતાજીના પુસ્તક 'ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ'નો આધાર લેવાયો હતો. વળી શ્રી અરવિન્દ આશ્રમના વરિષ્ઠ સાધકો સાથે મુલાકાતો યોજાઈ હતી. એમાં શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરીના મેનેજિંગ ટ્રસ્ટી મનોજ દાસ ગુપ્તા, મેજર જનરલ (નિવૃત) કે. કે. તિવારી, ચમનલાલ ગુપ્તા, કિટ્ટુ રેડ્ડી, શ્રદ્ધાળુ રાનડે, સમ્પદાનંદ, સુધા સુન્દરમ્ તેમજ સૈકત સેનનો સમાવેશ થતો હતો. શિબિરના ભાગરૂપે પૉંડિચેરી પાસે નિર્માણ પામી રહેલી દિવ્ય ઉષાનગરી *ઓરોવિલ*ની એક દિવસ મુલાકાત લીધી હતી. વળી, શ્રી અરવિન્દ આશ્રમના વિવિધ વિભાગો તેમજ વાઈલ્ડ સ્પીસીસ પ્રીઝર્વેશન, કન્ઝર્વેશન એન્ડ રીસર્ચ સેન્ટરની પણ શિબિર દરમિયાન મુલાકાત લીધી હતી. શિબિરમાં રોજ પ્રાણાયમ, ધ્યાન, વર્ક ઓફરિંગ જેવા કાર્યક્રમો પણ યોજાતા હતા.

શિબિરના સંયોજનની કામગીરી ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ (ચેર પર્સન, શ્રી અરવિન્દ ચેર) અને ડૉ. પરમ પાઠકે સંભાળી હતી. શિબિરના ફોલોઅપ માટે આગામી સપ્ટેમ્બર માસના બીજા અઠવાડિયામાં ધરમપુર ખાતે એક પુનર્મિલન પણ યોજાઈ રહી છે.

## Hari Ohm Ashram Prerit Bhaikaka Inter-University Smarak Trust Prizes for the year 2008-2009

| Sr. | Name & Institute | Subject & *Topic* |
|---|---|---|
| 1. | (I) Dr. Farzin M. Parabia<br>Lecturer, Ashok & Rita Patel Institute of Integrated Study & Research in Bio technology & Allied Sciences<br>(II) Dr. Bharat Gami, Ahmedabad<br>(III) Dr. I. L. Kothari<br>B.R.D. School of Bioscience, SPU, V. V. Nagar<br>(IV) Dr. J.S.S. Mohan<br>Professor, BRD School of Bioscience SPU, V. V. Nagar<br>(V) Prof. Minoo H. Parabia<br>Professor, Department of Bioscience Veer Narmad South Gujarat University, Surat | Agriculture Science - *"Effect of plant growth regulators on in vitro morphogenesis of Leptadenia reticulata (Retz.) W. & A. from nodal explants"* |
| 2. | (I) Dr. Jenabhai B. Chauhan<br>Reader,<br>Ashok & Rita Patel Institute of Integrated Study & Research in Biotechnology & Allied Sciences<br>(II) Dr. Rajeshkumar Patel<br>Scientist-III, Meerut<br>(III) Shri K.M. Singh<br>Research Scholar<br>Animal Biotechnology Laboratory<br>Vaterinary College, Anand Agri. University, Anand<br>(IV) Shri K. J. Soni<br>Research Associate, Neem Biocide<br>Hadgood, Anand | Vaterinary Science and Animal Husbandry - *"Identification of late replicating x-chromosome in a Hf crossbred calf with sex chromosome Aneuyploidy (61, xxy)"* |
| 3. | (I) Dr. Subhash J. Bhatt<br>Prof. & Head, Dept. of Mathematics<br>SPU, V. V. Nagar<br>(II) Dr. Atsushi Inoue<br>Professor, Dept. of Applied Mathematics<br>Fukuoka University,Japan | Mathematics - *"Limit algebras of differential forms in non-commutative geometry"*. |
| 4. | (I) Dr. Jayesh B. Shah<br>Lecturer, Dept. of Statistics<br>R. J. Tibrewal College of Commerce<br>Ahmedabad<br>(II) Dr. M. N. Patel<br>Professor<br>Dept. of Statistics, School of Sciences<br>Gujarat University, Ahmedabad | Statistics- *"Bayes Estimation of Shift point in Geometric Sequence"* |

| Sr. | Name & Institute | Subject & *Topic* |
|---|---|---|
| 5. | (I) Ms. Anita Gharekhan<br>Lecturer, C. U. Shah Science College<br>Ahmedabad<br>(II) Shri Siddharth Arora<br>Student, PRL, Ahmedabad<br>(III) Shri K.B. K Mayaa<br>Student, PRL, Ahmedabad<br>(IV) Dr. P. K. Panigrahi<br>Professor, Indian Institute of Science Education and Research, Kolkata<br>(V) Dr. M. B. Sureshkumar<br>Reader, Dept. of Physics, Faculty of Science<br>M. S. University of Baroda, Vadodara<br>(VI) Dr. Asima Pradhan<br>Associate Professor<br>Indian Institute of Technology<br>Kanpur | Physics- *"Characterizing breast cancer tissues through the spectral correlation properties of polarized fluorescence"* |
| 6. | (I) Dr. Kamala K. Vasu<br>Head, Dept. of Medicinal Chemistry<br>B. V. Patel Pharmaceutical Education and<br>and Research Development (PERD) Centre<br>Ahmedabad<br>(II) Dr. Jitendra C. Kalia<br>Dept. of Medicinal Chemistry<br>B. V. Patel Pharmaceutical Education and<br>Research Development (PERD) Centre<br>Ahmedabad<br>(III) Dr. Arshi B. Baraiya<br>Dept. of Medicinal Chemistry<br>B. V. Patel Pharmaceutical Education and<br>Research Development (PERD) Centre<br>Ahmedabad<br>(IV) Dr. V. Sudarsanam<br>Dept. of Medicinal Chemistry<br>B. V. Patel Pharmaceutical Education and<br>Research Development (PERD) Centre<br>Ahmedabad | Chemistry - *"A facile synthesis of structurally novel 1-ary1-2-arylamino-4-alkyl/pheny1-5-arol\yl-1H-imidazoles form amidinothioureas."* |
| 7. | (I) Dr. Jayantilal D. Joshi<br>Professor (Retd.), Dept. of Chemistry<br>SPU, V. V. Nagar<br>(II) Dr. M. M. Patel<br>Ph.D Student<br>Dept. of Chemistry<br>SPU, V. V. Nagar | Industrial Polymer Chemistry- *"Thermal, Catalytic, Anti microbial and Chelating Aspects of Phenolic Resin and its Polchelates with f-Block Elements"* |

| Sr. | Name & Institute | Subject & *Topic* |
|---|---|---|
| | (III) Dr.M.A. Kapadia<br>PhD Students<br>Dept. of Chemistry<br>SPU, V.V. Nagar | |
| 8. | (I) Dr. M. N. Patel<br>Reader, Department of Chemistry<br>SPU V. V. Nagar | Coordination Chemistry-*"Five-coordinated oxovanadium (IV) complexes derived from amino acids and ciprofloxacin : Synthesis, spectral, antimicrobial and DNA interaction approach"* |
| | (II) Dr. S. H. Patel<br>Research Student<br>Dept. of Chemistry<br>SPU, V.V. Nagar | |
| | (III) Dr. M. R. Chhasatia<br>Research Student<br>Dept. of Chemistry<br>SPU, V.V. Nagar | |
| | (IV) Dr. P.A. Parmar<br>Research Student<br>Dept. of Chemistry<br>SPU, V.V. Nagar | |
| 9. | (I) Dr. Mukund Chandra Thakur<br>Lecturer, Ashok & Rita Patel Institute<br>of Integrated Study & Research in<br>Biotechnology and Allied Science<br>New V. V. Nagar | Botany-*"Ulva taeniata (Setchell) Setchell et Gardner:A taxon new to Indian seaweed flora"* |
| | (II) Dr. Vaibhav A. Mantri<br>Scientist<br>Discipline of Marine<br>Biotechnology & Ecology<br>CSMCRI<br>Central Salt & Matine Chemicals<br>(CSIR) - Bhavnagar | |
| | (III) Dr. C.R.K. Reddy<br>Senior Scientist<br>Discipline of Marine Biotechnology & Ecology<br>CSMCRI<br>Bhavnagar | |
| | (IV) Prof. Bhanath Jha<br>Dr. Director & Head Discipline of Marine<br>Biotechnology & Ecology CSMCRI<br>Bhavnagar | |
| 10. | (I) Dr. A.V.R.L. Narasimhacharya<br>Professor<br>B.R.D. School of Biosciences<br>SPU, V.V. Nagar | Zoology & Fisheries- *"Asparagus Root Regulates Cholesterol Metabolism and Improves Antioxident Status in Hypercholesteremic Rats"* |

| Sr. | Name & Institute | Subject & *Topic* |
|---|---|---|
| | (II) Mr. Nishant P. Visavadiya<br>Research Fellow<br>Graduate Center for Nutritional Sciences,<br>University of Kentucky - USA | |
| 11. | (I) Ms. Neeta R. Dave<br>Lecturer, Dept. of Home Science<br>Sardar Patel University<br>Vallabh Vidyanagar | Home Science- *"Effect of fresh wheatgrass juice on plasma amtioxidant status of geristric population"* |
| | (II) Miss Bhoomi Sharma<br>Student, Depat. of Home Science<br>SPU, V.V. Nagar | |
| | (III) Mr. Tarak Parekh<br>Student, Dept. of Home Science<br>SPU, V.V. Nagar | |
| | (IV) Dr. V. H. Patel<br>Reader, Dept. of Home Science<br>SPU, V.V. Nagar | |
| | (V) Dr. Rema Subhash<br>Head, Dept. of Home Science<br>SPU, V.V. Nagar | |
| 12. | (I) Dr. Shanjay M. Yadav<br>Senior Leturer<br>Dept of Civil Engineering<br>S.V. National Institute of Technology<br>Surat | Civil Engineering-*"Bad Lad Equation based on Alluvial River Data India"* |
| | (II) Dr. Bhagwan K. Samtani<br>Professor & Head<br>Dept. of Civil Engineering<br>S.V. National Institute of Technology<br>Surat | |
| 13. | (I) Dr. Bhavesh R. Bhalji<br>Head, Dept. of Electrical Engineering<br>ADIT Engineering College<br>New Vallabh Vidyanagar | Electrical & Electrical Engineering-*"High Resistance faults on Two Termina Parallel Transmission line Analysis Simulation studies and an Adaptive Distance Relaying Scheme"* |
| | (II) Dr. R. P. Maheshwari<br>Professor, Dept. of Electrical Engineering<br>Indian Institute of Technology - Roorkee | |
| 14. | (I) Prof. C. J. Panchal<br>Reader, Applied Physics Department<br>M. S. University of Baroda, Vadodara | Electronics Science-*"Barrier inhomogeneities in Au/CdSe thin film Schottky Diodes"* |
| | (II) Dr. M. S. Desai<br>Reader, Applied Physics Department<br>Faculty of Technology & Engineering<br>M. S. University of Baroda<br>Vadodara | |

| Sr. | Name & Institute | Subject & *Topic* |
|---|---|---|
| | (III) Dr. K. J. Patel<br>Reader Fellow, Applied Physics Department<br>Faculty of Technology & Engineering<br>M.S. University of Baroda, Vadodara | |
| | (IV) Dr. Naresh Padha<br>Professor, Dept. of Physics and Electronics<br>University of Jammu<br>Jammu (Tawi) | |
| | (V) Dr. V. A. Kheraj<br>Lecturer<br>Dept. of Physics<br>SVNIT, Ichchhanath, Surat | |
| 15. | (I) Prof. Pinakin C. Dhandukia<br>Lecturer, Ashok & Rita Patel Institute of Integrated Study & Research in Biotechnology and Allied Sciences<br>New Vallabh Vidyanagar | Instrumentation-*"Seperation and Quantitation of Jasmonic Acid using HPTLC"* |
| | (II) Dr. Vasudev R. Thakar<br>Lecturer, B.R.D. School of Biosciences<br>SPU, V. V. Nagar | |
| 16. | (I) Dr. Rashmin B. Patel<br>Lecturer, A.R. College of Pharmacy and G.H. Patel Institute of Pharmacy<br>Vallabh Vidyanagar | Pharmacy-*"Simultaneous estimation of Acetylsalic Acid and Clopidogreal bisulfate in Pure Power and Tablet Formulation by High Performance Column Liquid Chromatography and High Performance Thin Layer Chromatography"* |
| | (II) Mrs. Mrunali R. Patel<br>Lecturer, Indukaka Ipcowala College of Pharmacy<br>New Vallabh Vidyanagar | |
| | (III) Dr. Kashyap K. Bhatt<br>Principal, Indukaka Ipcowala College of Pharmacy, New Vallabh Vidyanagar | |
| | (IV) Dr. Madhira B. Shankar<br>Lecturer, A.R. College of Pharmacy and G.H. Patel Institute of Pharmacy<br>Vallabh Vidyanagar | |
| 17. | (I) Dr. Ajay Agarwal<br>Lecturer<br>Shri Jayendrapuri Arts and Science College | Materials Science-*"Electrical Properties and Surface Microtopographic Studies of Tungsten Disulfide Single Crystals Grown by CVT Technique"* |
| | (II) Dr. Sunil Chaki<br>Reader, Dept. of Physics<br>SPU, V. V. Nagar | |
| 18. | (I) Dr. Dipti M. Shah<br>Reader, G.H. Patel Postgraduate<br>Dept of Computer Science and Technology<br>SPU, V. V. Nagar | Computer Science & Computer Engineering- *"Multilingual Multimedia aids for healthcare: A case study of HIV"* |
| | (II) Dr. S.M. Patel<br>(Retd.) Head, Dept. of Computer Science<br>SPU, V. V. Nagar | |

# વાંચે ગુજરાત

## એકવીસમી સદી, જ્ઞાનની સદી

એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું એવું સ્વપ્ન છે કે સ્વર્ણિમ ગુજરાતે આપણે સૌ એવો સંકલ્પ કરીએ કે આપણાં સૌમાં જ્ઞાનની એક અમાપ, અભૂતપૂર્વ ભૂખ ઉઘડે. જ્ઞાન શક્તિનાં યુગમાં વાંચન એ માનવજીવનના વિકાસ માટે ઘણો મોટો આધાર છે. સારાં પુસ્તકો સાચે માર્ગે દોરી પ્રકાશ બતાવે છે. જ્ઞાન મેળવવું એ આત્માની ભૂખ છે અને તે વાંચનથી સંતોષાય છે. પુસ્તકોમાં આત્મા હોય છે જે કદી નાશ પામતો નથી. ગ્રંથ વગરનું ઘર આત્મા વગરના શરીર જેવું છે. વાચન માનવીને કેળવે છે. ઘડે છે. વાંચન માનવીની ક્ષિતિજોને વિસ્તારે છે. વાંચન સંસ્કાર એ આપણાં ૧૬ સંસ્કાર જેવો જ અગત્યનો સંસ્કાર છે. આજે આપણી અનેક મર્યાદાઓનું મૂળ વિચારશૂન્યતામાં છે અને વિચારશૂન્યતા વાચનના અભાવને કારણે પેદા થાય છે.

આવનારા વર્ષોમાં આપણું ભારત વિશ્વનું શ્રેષ્ઠ રાષ્ટ્ર બને અને ગુજરાત એમાં નેતૃત્વ અને પ્રેરણા પૂરી પાડે એ માટે આપણને સાચા માર્ગે વરેલી વિચારક્રાંતિની જરૂર છે. આપણને નવસંસ્કાર યુક્ત અને અનુઆધુનિક સંસ્કૃતિની જરૂર છે. આમ તો સંસ્કૃતિના નિચોડ અને ઈતિહાસના પૃથ્થકરણમાંથી ઘણાં યુગપરિવર્તનકારી ગ્રંથો લખાયા છે. તો નવા યુગની વધામણી આપતા દેશ કાળની સીમાને ઓળંગી જતાં પુસ્તકો પણ ચિંતકોએ વિશ્વને ચરણે ધર્યા છે. પરંતુ વિચારશૂન્યતાને કારણે સમાજમાં વિચાર દારિદ્રય પ્રવર્તી આમૂલ સામાજિક, રાષ્ટ્રીય અને વૈચારિક પરિવર્તન. *વાંચે ગુજરાત* એ માટેનો એક અભિનવ પ્રયોગ છે; જે છેલ્લા કેટલાંક વર્ષોથી નવસારીમાં સયાજી લાયબ્રેરી દ્વારા સફળતાપૂર્વક ચાલી રહ્યો છે.

આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી એવું ઇચ્છે છે કે દરેક ગુજરાતવાસી ખૂબ વાંચતો થાય, વિચારતો થાય અને વિકસતો થાય અને એ જ *વાંચે ગુજરાત*નો મૂળભૂત હેતુ છે.

*વાંચે ગુજરાત* એ મા સરસ્વતીનો મહાઉત્સવ છે.

*વાંચે ગુજરાત* એ ગ્રંથદેવતાનું તર્પણ છે.

*વાંચે ગુજરાત* એ આવનારી પેઢીના જીવનઘડતર અને સંસ્કારઘડતરનો અશ્વમેઘ યજ્ઞ છે.

*વાંચે ગુજરાત* એ માણસ વાવવાનો પ્રયોગ છે.

બાળકોમાં વાંચન સંસ્કારના બીજ રોપાય તેમજ બાળકોને વાંચન પ્રેરણા થાય. પુસ્તકો વાંચવાની અભિરૂચિ કેળવાય અને વાંચનની ટેવ પડે.

વાચન હેતુલક્ષી અને ધ્યેયલક્ષી બને.

બાળક પોતાના જીવનનું ધ્યેય નક્કી કરે.

વિચારપ્રેરક પુસ્તકોના વાચન, અધ્યયન અને અનુશીલન દ્વારા સામાજીક અને રાષ્ટ્રીય પરિવર્તન માટે વિચારક્રાંતિના શ્રીગણેશ કરીએ.

ગુજરાતભરની શાળા/કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તો ખૂબ ખૂબ વાંચશે જ, પરંતુ તમામ નાગરિકો પણ ખૂબ ખૂબ વાંચશે.

ગ્રંથાલયો અને સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ પણ મહત્વનું યુગ પરિવર્તનકારી યોગદાન કરશે.

ગુજરાતના ગામડે-ગામડે અને શહેરોમાં શેરી-શેરીએ નવા ગ્રંથાલયોની અને ગ્રંથમંદિરોની સ્થાપના થાય અને હાલના ગ્રંથાલયોનું સશક્તિકરણ થાય.

ચાલો આપણે સૌ, ગુજરાતીઓ વિશ્વની સૌથી વધુ વાંચનારી પ્રજા તરીકે ઓળખાઈએ.

ચાલો આપણે *વાંચે ગુજરાત* દ્વારા ગુજરાતને ભારતનું વાચન પાટનગર અને ભારતનું જ્ઞાન પાટનગર બનાવીએ.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા વાંચવા માટે સૂચવેલા-ચૂંટેલાં પુસ્તકોની યાદી :

| નં. | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧. | સરસ્વતીચંદ્ર (સંક્ષેપ) | ગોવર્ધનરામ ત્રિપાઠી |
| ૨. | ગુજરાતનો નાથ | ક.મા. મુનશી |
| ૩. | સમુન્દ્રાન્તિકે | ધ્રુવ ભટ્ટ |
| ૪. | દરિયાલાલ | ગુણવંતરાય આચાર્ય |
| ૫. | વાંસનો અંકુર | ધીરુબેન પટેલ |
| ૬. | છાવણી | ધીરેન્દ્ર મહેતા |
| ૭. | સોરઠ તારાં વહેતાં પાણી | ઝવેરચંદ મેઘાણી |
| ૮. | દ્વિરેફની વાતો | રા.વિ. પાઠક |
| ૯. | તણખા મંડળ | ધૂમકેતુ |
| ૧૦. | શતરુપા | સંપાદન |
| ૧૧. | મને કેમ વીસરે | નારાયણ દેસાઈ |
| ૧૨. | ઘડતર અને ચણતર | નાનાભાઈ ભટ્ટ |
| ૧૩. | મારા અનુભવો | સચ્ચિદાનંદ સ્વામી |
| ૧૪. | માણસાઈના દીવા | ઝવેરચંદ મેઘાણી |
| ૧૫. | મરક મરક | રતિલાલ બોરીસાગર |
| ૧૬. | 'પ્રિયદર્શી'ની વિનોદ વાર્તાઓ | મધુસૂદન પારેખ |
| ૧૮. | જ્યોતિન્દ્ર તરંગ | જ્યોતિન્દ્ર દવે |
| ૧૮. | મહમ્મદ માંકડની વાર્તાઓ | અશ્મા માંકડ |
| ૧૯. | મિથ્યાભિમાન | દલપતરામ |
| ૨૦. | રાઈનો પર્વત | રમણભાઈ નીલકંઠ |
| ૨૧. | ગુલાબી આરસની લગ્ગી | હરિકૃષ્ણ પાઠક |
| ૨૨. | બત્રીસ પૂતળીની વેદના | ઈલા આરબ મહેતા |
| ૨૩. | ગિજુભાઈની બાળવાર્તાઓ | ગિજુભાઈ |
| ૨૪. | વિનોદની નજરે | વિનોદ ભટ્ટ |
| ૨૫. | શેરખાન | વિજયગુપ્ત મૌર્ય |
| ૨૬. | બકોર પટેલની વાતો (સેટ) | હરિપ્રસાદ વ્યાસ |
| ૨૭. | વાર્તા ઉમંગ | યશવંત મહેતા |

| | | |
|---|---|---|
| ૨૮. | અંડેર ગંડેરી | રતિલાલ નાયક |
| ૨૯. | મારી લોકયાત્રા | ભગવાનદાસ પટેલ |
| ૩૦. | ભારેલો અગ્નિ | ર. વ. દેસાઈ |
| ૩૧. | પ્રિયજન | વીનેશ અંતાણી |
| ૩૨. | ગાંઠ છૂટ્યાની વેળા | વર્ષા અડાલજા |
| ૩૩. | સૌંદર્યની નદી નર્મદા | અમૃતલાલ વેગડ |
| ૩૪. | નામરુપ | અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ |
| ૩૫. | બિલ્લો ટિલ્લો ટચ | ગુણવંત શાહ |
| ૩૬. | અમર ગઝલો | સં. રાજેશ વ્યાસ |
| ૩૭. | અમર ગીત | સં. ચન્દ્રકાન્ત શેઠ |
| ૩૮. | દેવોની ઘાટી | ભોળાભાઈ પટેલ |
| ૩૯. | દ્રોણાચાર્યનું સિંહાસન | બકુલ ત્રિપાઠી |
| ૪૦. | જટાયુ | સિતાંશુ મહેતા |
| ૪૧. | શિયાળાની સવારનો તડકો | વાડીલાલ ડગલી |
| ૪૨. | ધૂળમાંની પગલીઓ | ચન્દ્રકાન્ત શેઠ |
| ૪૩. | અહો કેટલી સુંદર | રજનીકાન્ત પંડ્યા |
| ૪૪. | લઘુકથા સંચય | સં. મોહનલાલ પટેલ |
| ૪૫. | આપણી કવિતા સમૃદ્ધિ | ચન્દ્રકાન્ત ટોપીવાલા |
| ૪૬. | મારો અસબાબ | જનક ત્રિવેદી |
| ૪૭. | મહારાજના મુખેથી અને બીજી વાતો | સાં. જેં. પટેલ |
| ૪૮. | કવિતા એટલે આ | રમેશ પારેખ |
| ૪૯. | શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધી | કુમારપાળ દેસાઈ |
| ૫૦. | સમયદ્વીપ | ભગવતીકુમાર શર્મા |
| ૫૧. | સરોજ પાઠકની વાર્તાઓ | રમણ પાઠક |
| ૫૨. | અંગત | રાવજી પટેલ |
| ૫૩. | વનાંચલ | જયંત પાઠક |
| ૫૪. | સુન્દરમનાં શ્રેષ્ઠ કાવ્યો | સં. ચં. શેઠ |
| ૫૫. | કલાપીનાં કાવ્યો | સં. ચં. શેઠ |
| ૫૬. | પ્રિયકાન્ત મણિયાર | સં. ચં. શેઠ |
| ૫૭. | રાજેન્દ્ર શાહનાં કાવ્યો | સં. ધીરુ પારેખ |
| ૫૮. | ક્યાં | રમેશ પારેખ |
| ૫૯. | જાલકા | ચિનુ મોદી |
| ૬૦. | જનમટીપ | ઈશ્વર પેટલીકર |
| ૬૧. | દીપનિર્વાણ | દર્શક |
| ૬૨. | સાત પગલાં આકાશમાં | કુંદનીકા કાપડિયા |
| ૬૩. | ચન્દ્રકાન્ત બક્ષીની વાર્તાઓ | ચન્દ્રકાન્ત બક્ષી |
| ૬૪. | ધરતીની આરતી | સ્વામી આનંદ |
| ૬૫. | જીવરામ જોશી | જીવરામ જોશી |
| ૬૬. | બાપાની પીપર | કિરીટ દૂધાત |
| ૬૭. | ઝલક ઝલક | સુરેશ દલાલ |
| ૬૮. | પાંદડે પાંદડે ઝાકળ | મહેશ દવે |
| ૬૯. | ના છૂટકે | પન્નાલાલ પટેલ |
| ૭૦. | બદલાતી ક્ષિતિજ | જયંત ગાડીત |
| ૭૧. | ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓ | ગુલાબદાસ બ્રોકર |
| ૭૨. | જનાન્તિકે | સુરેશ જોશી |
| ૭૩. | ભુંસાતાં ગ્રામચિત્રો | મણિલાલ હ. પટેલ |
| ૭૪. | લાડુની જાત્રા અને બીજી વાતો | રમણલાલ સોની |
| ૭૫. | મોહન પરમારની વાર્તાઓ | સં. રાધેશ્યામ શર્મા |
| ૭૬. | હેલો સૂર્યા | હરેશ નાગ્રેચા |
| ૭૭. | બાપા વિશે | લાભશંકર ઠાકર |
| ૭૮. | મનહર અને મોદી | મનહર મોદી |
| ૭૯. | મળે ના મળે | આદિલ મન્સૂરી |
| ૮૦. | સત્યના પ્રયોગો | ગાંધીજી |
| ૮૧. | હિમાલયનો પ્રવાસ | કાકાસાહેબ કાલેલકર |
| ૮૨. | હિન્દ સ્વરાજ-એક અધ્યયન | કાન્તિ શાહ |
| ૮૩. | ગીતા પ્રવચન | વિનોબા |
| ૮૪. | આપણી અણમોલ સંપદા | અશ્વિન મહેતા |
| ૮૫. | શિક્ષણમાં અંગ્રેજીનું સ્થાન | વિનોબા |
| ૮૬. | બ્રહ્માંડ દર્શન | પંકજ જોશી |
| ૮૭. | સોમતીર્થ | રઘુવીર ચૌધરી |
| ૮૮. | અપરાજિતા | પ્રીતિ સેનગુપ્તા |
| ૮૯. | શેરી | દિગીશભાઈ મહેતા |
| ૯૦. | અનુભવની એરણ પર | મનસુખ સલ્લા |
| ૯૧. | છેલ્લું ફરમાન | ઈવા ડેવ |
| ૯૨. | ગઝલ સંહિતા-ભાગ ૧ | રાજેન્દ્ર શુકલ |
| ૯૩. | જીવ | માય ડિયર જયુ |
| ૯૪. | આંગળીયાત | જોસેફ મેકવાન |
| ૯૫. | ગંગોત્રી | ઉમાશંકર જોષી |
| ૯૬. | ચુનિલાલ મડીયાની વાર્તા | સંપાદન |
| ૯૭. | પાદરના તિરથ | જયંતી દલાલ |
| ૯૮. | આયનો | શિરીષ પંચાલ |
| ૯૯. | અંધારી ગલીમાં સફેદ ટપકાં | હિમાંશી સેલત |
| ૧૦૦. | અમાસના તારા | કિશનસિંહ ચાવડા |
| ૧૦૧. | ખરા બપોરે | જયંત ખત્રી |
| ૧૦૨. | Stay hungry, stay foolish | Rashmi Bansal |
| ૧૦૩. | જીવન ઘડતર | ફાધર વાલેસ |
| ૧૦૪. | આલ્કેમિસ્ટ | પોલો કોએલો |
| ૧૦૫. | કર્ણ | સતિશ પંડ્યા |
| ૧૦૬. | સાગર કિનારે | ભવેન પટેલ |
| ૧૦૭. | One night at call centre | Chetan Bhagat |
| ૧૦૮. | સત્ય | જયંત ગાડીત |

Source : http://www.vanchegujarat.in/guj/Default.aspx

## ચલતે ચલતે : ૬ – બૃહદારણ્યક ઉપનિષદ્

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈજા...
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા...
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈજા...

કેમ કાંઈ અત્યારે પ્રાર્થના કરવા માંડ્યા... નવું શૈક્ષણિક વરસ શરૂ થયું એટલે કે ?

હા...પણ તને એ ખબર છે કે આતો ઉપનિષદનો જ એક મંત્ર છે.

ઉપનિષદનો મંત્ર તો સંસ્કૃતમાં ના હોય?

સંસ્કૃતમાં જ હોય. પરંતુ આપણા પ્રેમભક્તિના રસ કવિ ન્હાનાલાલે કરેલો આ તો અનુવાદ છે.

શુ વાત કરો છો. આના તો સ્કૂલમાં ભણતા હતા ત્યારથી અમે રાગડા તાણતા હતા. પણ એ તો કહો મૂળ મંત્ર કયો છે ?

असतो मा सत् गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योर्माऽमृतंगमय ।

બરાબર. ઉપનિષદો તો તમે કહેલું એમ અનેક છે. એકસો આઠ તો સાચા. એમાંથી આ મંત્ર કયા ઉપનિષદમાં આવ્યો છે ?

બૃહદારણ્યક ઉપનિષદમાં.

આ ઉપનિષદમાં બીજું શું છે ?

આ ઉપનિષદમાં યાજ્ઞવલ્કયની કથા આવે છે.

ઉપનિષદમાં કથાઓ પણ છે ?

સંવાદો છે.

કેવા સંવાદો ?

પ્લેટોના સંવાદોની તો તને ખબર છે ને ?

હા, રિપબ્લિક અને બીજા એવા બધા અંગે સાંભળ્યું છે.

આ પણ એવા જ વિશ્વસાહિત્યના અમર સંવાદો છે.

યાજ્ઞ વલ્કયવાળા સંવાદમાં શું છે ?

યાજ્ઞવલ્કયને તપ કરવા વનમાં જવું છે. એમને બે પત્ની છે. કાત્યાયની અને મૈત્રેયી. તેઓ પોતાની બધી સંપત્તિ આ બન્ને ને વહેંચી દેવા માગે છે.

પછી ?

મૈત્રેયી પૂછે છે - જેનાથી અમરપદ ન મળે એ ધનને હું શું કરું ? किमहं तेन कुर्यां येनाहं नामृतास्याम्।

વાહ... આપણે તો પૈસો મારો પરમેશ્વર કરીયે, જ્યારે આ મૈત્રેયી તો...

હા. આ મંત્રમાં તો માનવજાતની અમૃતત્વ માટેની ઝંખના વ્યકત થઈ છે.

પછી તો યાજ્ઞવકલ્યમૈત્રેયીને અમૃતત્વનો ઉપદેશ આપે છે. પણ એ માટે તો મૂળ સુધી જવું પડે.

ગુજરાતીમાં આ બધું મળે છે ?

કેમ નહીં ? સસ્તું સાહિત્યવર્ધક કાર્યલયે એનો અનુવાદ પ્રગટ કરેલો છે.

તો તો હું વાંચીશ... ક્યાંથી મળે ?

આપણી ભાઈકાકા લાયબ્રેરી જીંદાબાદ...

અચ્છા તો હમ ચલતે હૈ...

- પરમ પાઠક

### Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

### Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar – 388 120, Gujarat – India

*Sheel Shrutam* : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.